ગુજરાત સાહિત્ય અકાદમી
ગુજરાતી, હિન્દી, સંસ્કૃત, સિંધી, ઉર્દૂ અને કચ્છી સાહિત્ય અકાદમી
(રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગુજરાત સરકાર)
ઝવેરચંદ મેઘાણી ભવન, કૃષિભવનની પાછળ,
સેક્ટર-૧૦-એ,ગાંધીનગર-૩૮૨૦૧૦.
ફોન : ૦૭૯-૨૩૨ ૫૬૭૯૭ / ૯૮

GUJARAT SAHITYA ACADEMY
Gujarati, Hindi, Sanskrit, Sindhi, Urdu and Kutchi Sahitya Academy
(Sports, Youth and Cultural Activities Department, Govt. of Gujarat)
Jhaverchand Meghani Bhavan, B/h. Krushi Bhavan,
Sector-10-A, Gandhinagar-382010
Phone : 079-23256797 / 98

## શ્રેષ્ઠ પુસ્તક પારિતોષિક યોજના નિયમો અને શરતો

(૧) આ યોજનામાં સાહિત્યનાં નીચે મુજબનાં જ સાહિત્યસ્વરૂપોમાં ઇનામ આપવામાં આવે છે. આ સ્વરૂપ બહારનાં પુસ્તકો આ યોજનામાં સામેલ કરી શકાશે નહીં.

**પૌઢ વિભાગ**:(૧) નવલકથા (૨) ટૂંકીવાર્તા–લઘુકથા (૩) નાટક– એકાંકી નાટકો (૪) હાસ્ય– વ્યંગ–કટાક્ષ (૫) નિબંધ અને પ્રવાસ (૬) કવિતા (૭) વિવેચન (૮) સંશોધન–ભાષા વ્યાકરણ (૯) આત્મકથા–રેખાચિત્ર પત્ર–જીવનચરિત્ર– સત્યકથા (૧૦) લોકસાહિત્ય (૧૧) અનુવાદ

**બાળ–વિભાગ** : (૧) કાવ્ય (૨) વાર્તા (3) ચરિત્ર (૪) નાટક

(૨) આ યોજનામાં સંપાદન કરેલાં પુસ્તકોનો સમાવેશ કરવામાં આવતો નથી. લેખકે એક પુસ્તક બે સ્વરૂપમાં રજૂ કરવું નહીં.

(૩) આ યોજના કેલેન્ડર વર્ષ: ૨૦૨૫માં પ્રકાશિત થયેલાં પુસ્તકો માટે પ્રથમ પારિતોષિકને રૂ. ૫૧,૦૦૦/–, દ્વિતીય પારિતોષિકને રૂ. ૩૧,૦૦૦/– અને તૃતીય પારિતોષિકને રૂ. ૨૧,૦૦૦/- એમ પ્રત્યેક સાહિત્ય સ્વરૂપમાં ત્રણ ઇનામ આપવામાં આવશે.

(૪) આ યોજનામાં જે તે કૅલેન્ડર વર્ષમાં પ્રકાશિત પ્રથમ આવૃત્તિનાં પુસ્તકો રજૂ કરવાનાં રહેશે. પુનઃ મુદ્રણનાં પુસ્તકો આ યોજનામાં સામેલ કરી શકાશે નહીં.

(૫) આ યોજના અંતર્ગત છ અકાદમીઓ અને તમામ સ્વરૂપમાં ૦૫ (પાંચ) પારિતોષિક મળી ચૂક્યાં હોય તે તેવા લેખકોને આ યોજનામાં આગળ લાભ મળી શકશે નહીં. તેઓ આ યોજના માટે પુસ્તકો મોકલી શકશે નહીં. જો અરજી કરવામાં આવશે તો અકાદમી દ્વારા રદ કરવાની સત્તા રહેશે.

(૬) અગાઉ મળેલાં પારિતોષિકની સંપૂર્ણ માહિતી અરજી ફોર્મમાં દર્શાવવાની રહેશે.

(૭) જો કોઈ પ્રકાશક તરફથી પુસ્તકો આ યોજના માટે મોકલવામાં આવે તો જે તે લેખકશ્રીની લેખિત સંમતિ અરજી સાથે સામેલ કરવાની રહેશે.

(૮) અરજી કરતી વખતે તમામ વિગતો યોગ્ય અને સાચી ભરવાની રહેશે.

(૯) આપને અગાઉ મળેલ પારિતોષિકની વિગતો સંપૂર્ણ સાચી ભરવાની રહેશે. અધૂરી માહિતી જણાતા અરજી રદ કરવામાં આવશે.

(૧૦) અરજી કરનાર સર્જકની હયાતી હોવી જરૂરી છે. હયાતી ન હોય તેમની અરજી રદ કરવામાં આવશે.

(૧૧) આ યોજના માટે ઓનલાઇન અરજી કરી તેની પ્રિન્ટ લઈ **પુસ્તકોની બે (૨) નકલ વિનામૂલ્યે તેમજ સ્વખર્ચે અકાદમી** કાર્યાલય ખાતે આપેલ સમયાવધિ મુજબ મોકલી આપવાની રહેશે. **સમયાવધિ બાદ મળેલા પુસ્તકો સ્વીકારવામાં આવશે નહીં.**

(૧૨) આ યોજના માટે કોઈ પ્રશ્ન કે તકરાર ઊભી થાય છે તો તે અંગેનો આખરી નિર્ણય અકાદમીનો રહેશે. જે અરજી કરતા અરજદારને બંધનકર્તા રહેશે.

***

.



gsagandhinagar@gmail.com | www.sahityaacademy.gujarat.gov.in | www.gujaratsahityaacademy.com